# સે-૬ માં ગટરોની ફરિયાદો ડામવા નવી લાઈન નાંખવાનુ કામ શરૂ

ગાંધીનગરમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. ગટરોની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા રોબોર્ટ મશીન પણ કામે લગાડાયુ છે. પરંતુ દાયકાઓ જુની ગટર લાઈનના લીધે સેકટરોમાં સમયાંતરે પ્રશ્નો ઉઠતા રહે છે. સે-૬ માં પણ નવી સરકારી વસાહત તેમજ નવા બિલ્ડીંગો બનતા નવી લાઈન નાંખવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગટર લાઈન ચોક અપ થતી હોવાની ફરિયાદો વધી છે ત્યારે સમસ્યાડને ડામવા માટે નવી લાઈન ૪૫૦ ડાયામીટરની નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.

**સેકટરમાં નવા બિલ્ડીંગો તેમજ સરકારી આવાસો બનતા જરૂરિયાતને દયાને લઇ ૪૫૦ ડાયામીટરની લાઇન નાંખવામાં આવશે**

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા રોજનો ક્રમ બની છે. ત્યારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં નવી લાઈન નાંખવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ આ પ્રોજેકટને પુર્ણ થતા હજુ સમય લાગશે. સેકટરોમાં ગટરોની લાઈન ચોક અપ થવાની સમસ્યાને અનુલક્ષી તંત્ર દ્વારા તબકકાવાર નવી લાઈન નાંખવામાં આવી રહી છે. હાલ શહેરના સે-૬ માં પેટ્રોલ પંપ પાસે નવા બિલ્ડીંગો બન્યા છે. જયારે સામેની બાજુએ નવા સરકારી આવાસો પણ તૈયાર થઈ ગયા છે. ત્યારે આ વિસ્તારમાં આમ પણ છેલ્લા કેટલાક સમયથી ગટરા લાઈન ચોક અપ થતી હોવાની ફરિયાદો સ્થાનિક વસાહતીઓ માટે રોષનુ કારણ બની છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારમાં હાલમાં જુની લાઈન ૧૫૦ ડાયામીટરની છે. જયારે નવી લાઈન ૪૫૦ એમ એમની નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જેથી આ વિસ્તારમાં નવી સોસાયટી અને કોર્મશિયલ બિલ્ડીંગો વધતા આગામી દિવસોમાં ગટર લાઈન ચોક અપ થવાની ફરિયાદોનુ નિરાકરણ આવશે તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે. શહેરના સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવા માટે સ્માર્ટ સીટી અન્વયે આયોજન કરાયુ છે.જયારે આ અન્વયે પણ ટેન્ડર પ્રક્રીયા આખરી થયા બાદ કામ શરૂ કરાશે.

## મતગણતરી કેન્દ્રો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧

સ્થાનિક સ્વરાજયની ચુંટણીની મતગણતરી ૨ ફેબુઆરીને મંગળવારના રોજ સવારે ૮ કલાકથી યોજાશે. ગાંધીનગર જિલ્લા પંચાયત, દહેગામ, કલોલ અને માણસા તાલુકા પંચાયત તેમજ કલોલ અને દહેગામ નગરપાલિકાના વોર્ડની ચુંટણી તેમજ માણસા નગરપાલિકાના બે વોર્ડની ચુંટણીની મતગણતરી વિવિધ સ્થાનો પર યોજાશે. મતગણતરી કેન્દ્ર પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જેમાં એક જિલ્લા પોલીસ વડા, ૫ ડીવાયએસપી, ૧૬ પીઆઈ, ૬૦ પીએસઆઈ, ૭૮૬ પોલીસ જવાનો, ૨ પ્લાટુન એસઆરપી અને ૨૦૦ હોમગાર્ડ જવાનો મતગણતરી કેન્દ્ર પર સવારથી ખડે પગે હાજર રહેશે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને દહેગામ, માણસા અને કલોલ તાલુકા પંચાયત સહિત દહેગામ અને કલોલ અને માણસા ની બે બેઠકો માટે ૨૮ ફેબુઆરીના રોજ મતદારોએ મતદાન કર્યુ હતું. ત્યારે આ ચુંટણીનું પરિણામ તા. ૨ ફેબુઆરીના રોજ જાહેર થનાર છે. જેમાં ગાંધીનગર જિલ્લા પંચાયતની ૮ બેઠક માટે સેકટર-૧૫ ખાતે મતગણતરી થશે. જયારે દહેગામ જિલ્લા પંચાયતની ૭ બેઠક અને તાલુકાની ૨૮ બેઠક માટે દહેગામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સવારે ૮ મતગણતરી શરુ થશે. તેવી જ રીતે કલોલ જિલ્લા પંચાયતની ૬ બેઠક અને તાલુકાની ૨૬ બેઠક માટે કલોલ સરકારી ટેકનીકલ સંસ્થા અને માણસા જિલ્લા પંચાયતની ૭ અને તાલુકા પંચાયતની ૨૬ બેઠક તેમજ નગરપાલિકાની બે બેઠક માટે એસ.ડી.આર્ટસ એન્ડ બી.આર.કોમર્સ કોલેજ ખાતે મતગણતરી કરવામાં આવશે. જયારે દહેગામ નગરપાલિકા ૭ વોર્ડની ૨૮ બેઠક અને માટે મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કુલ તેમજ કલોલ નગરપાલિકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ ખાતે મતગણતરી થશે. ત્યારે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા તમામ મતગણતરી કેન્દ્રો પર પોલીસનો લોખંડી પહેરો ગોઠવી દેવાયો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામોને લઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળતી હતી.
- ગાંધીનગર શહેરમાં વિધાનસભાનું સત્ર શરૂ થતાં ટ્રાફિકમાં વધારો થવા પામ્યો છે.
- ગુજરાત વિધાનસભામાં આજે ત્રણ ધારાસભ્યોનો જન્મ દિવસ હતો. પૂર્વ મંત્રી સી.કે. રાઉલજી, કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને ધારાસભ્ય બ્રિજેશ મેરજાનો જન્મ દિવસ હતો.
- રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની મતગણતરી હોવાથી વિધાનસભાના સત્રની આજની બેઠક બંધ રાખવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે કોવિડથી સંક્રમિત થનાર અને રિકવરી મેળવી ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન નોંધાઈ છે.
- ગાંધીનગર શહેરમાં તાપમાનનો પારો ઉંચકાયો છે અને તેની અસર શાકભાજીના ભાવો પર પણ પડી છે. શાકભાજીના ભાવો ઉંચકાતાં પુનઃ ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ છે.



વિધાનસભા બજેટ સત્ર ચાલુ થતાં કોરોના અંગેની સતર્કતા વધારી દેવાઈ છે. વિધાનસભાની ડ્યુટીમાં જોડાયેલા પોલીસકર્મીઓ, સ્ટાફ નર્સ સહિતના તમામ કર્મચારીઓનું ટેમ્પરેચર મુખ્ય દરવાજાની પાસે ચેક કરી તેમજ સેનેટાઈઝ કરી તમામને પ્રવેશ અપાયો હતો.

## વિશ્રામ ગૃહ સામે જોખમી વૃક્ષના લીધે વાહનચાલકોનો ભોગ

ગાંધીનગર તા ૧

શહેરમાં એકબાજુ ઉભા અને સુકા વૃક્ષોની કટોતી માટે સમયાંતરે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સેકટરોની શેરીઓ તેમજ મુખ્યમાર્ગો આસપાસ પણ ઉભા સુકા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા જોખમી પુરવાર થાય છે. આવા સંજોગોમાં શહેરમાં ઉભા સુકા વૃક્ષો સહીત નમી પડેલા અને જોખમી વૃક્ષો દુર કરવાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. જેના લીધે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી વૃક્ષો અડચણરૂપ બન્યા છે. નગરના મુખ્યમાર્ગ પર આવી જ સ્થિતિ છે. ચ-૫ કોર્નર પાસે વિશ્રામ ગૃહ સામે એક તોતિંગ વૃક્ષ નમી પડેલી હાલતમાં છે. જેના લીધે અનેકવાર વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. વૃક્ષની નમી પડેલી તોતિંગ ડાળીના લીધે વાહનચાલકો અકસ્માતને ભેટી રહ્યા છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા ત્વરિત અસરથી આ જોખમી વૃક્ષ દુર કરવામાં આવે તેવી પણ લાગણી પ્રબળ બની છે. શહેરમાં વિકાસના કામો વચ્ચે હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ છે. ત્યારે વૃક્ષોની કટોતી ન થાય તે માટે પર્યાવરણ પ્રેમીઓ પણ જાગૃત બન્યા છે. પરંતુ શહેરમાં આવા જોખમી વૃક્ષો પણ ત્વરિત દુર કરવા જોઈએ જેથી આમ નાગરિકો માટે આ સ્થિતિ જાનલેવા પુરવાર ન થાય તે પણ અનિવાર્ય છે.

## આજે મતગણતરી કેન્દ્ર ખાતે ઉમટનાર મેદનીને પગલે ખાણી-પીણીના વેપારીઓ સતર્ક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયત સહિત તાલુકા પંચાયતો અને નગરપાલિકા વગેરેની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તા. ૨૮મી ફેબ્રુઆરી રવિવારે યોજાઈ હતી. આ ચૂંટણીઓની મત ગણતરી તા. ૨જી માર્ચ મંગળવારના રોજ સેક્ટર-૧૫માં સરકારી કોલેજ ખાતે યોજાશે જેને અનુલક્ષીને તંત્રએ તડામાર તૈયારીઓ કરી લીધી છે. આ મત ગણતરી કેન્દ્ર ખાતે કાલે મોટી સંખ્યામાં ગ્રામીણ પ્રજાજનો અને ઉમેદવારોના ટેકેદારો ઉમટી પડશે જેના પગલે આ માર્ગ પર ખાણી-પીણીવાળાને તડાકો પડશે જેની અપેક્ષાએ કેટલાંક વેપારીઓએ અત્યારથી આ માર્ગ પર પોતાના અડ્ડા જમાવી દીધા છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના પરિણામો અંગે સમગ્ર જિલ્લામાં ઈંતેઝારી વ્યાપી છે અને ખૂબ જ રસપ્રદ બનેલા આ જંગમાં કોણ હારશે અને કોણ જીતશે તે જાણવાથી માંડીને રાજકીય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારોના ટેકેદારો સહિત મોટી સંખ્યામાં ગ્રામીણ વિસ્તારના નાગરિકો ગ-માર્ગ પર મતગણતરી કેન્દ્ર ખાતે ઉમટી પડશે. મત ગણતરી સમય દરમ્યાન ગ-માર્ગ પર મેળા જેવો માહોલ સર્જાશે અને મોટી સંખ્યામાં ઉમટી પડનારા નાગરિકો જ્યાં સુધી છેલ્લા પરિણામો જાહેર ના થાય ત્યાં સુધી સમય પસાર કરવા ચા, પાન-બીડી, મસાલા તેમજ ખાણી-પીણી વગેરેનો ઉપયોગ કરશે. આ બાબતને ધ્યાનમાં રાખીને તકનો લાભ લઈ પોતાનો વેપાર-ધંધો કરી લેવાના ઈરાદે શહેરના ઘણા બધા વેપારીઓ દ્વારા ગ-માર્ગ પર પોતાની લારી કે ટેબલ મુકવા જગ્યા રોકી લેવાની નીતિ અપનાવવામાં આવી છે.

## છત્રાલથી બિનવારસી હાલતમાં મળી આવેલ તમિલ ભાષી બાળકનું પરિવાર સાથે પુનઃ મિલન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના છત્રાલ ખાતેથી બિનવારસી હાલતમાં મળી આવેલ એક તમિલ ભાષી બાળકનું બાળ કલ્યાણ સમિતિના પ્રયાસોથી પુનઃ પરિવાર સાથે મિલન થવા પામ્યું છે. પોતાનું ગુમ થયેલ બાળક મળી આવતાં બાળકના પરિવારજનો આનંદિત થયાં હતા અને સમિતિ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.



ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા. ૧૮મી ફેબ્રુઆરીના રોજ છત્રાલ હાઈવે પર એક બિનવારસી હાલતમાં બાળક એક વ્યક્તિને મળી આવ્યુ હતુ જેણે આ બાબતે ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ પર કોલ કરીને માહિતી આપી હતી. માહિતી મળતાં જ બાળ કલ્યાણ સમિતિ દ્વારા બાળકને સેક્ટર-૧૭ ખાતેના સરકારી બાળ સરંક્ષણ ગૃહ ખાતે સંસ્થાકીય આશ્રયમાં મુકવામાં આવ્યું હતું. આ બાળકના કાઉન્સેલીંગ દરમ્યાન તેની ભાષા તમિલ હોવાનું માલુમ પડ્યું હતુ તેથી તમિલ ભાષીની મદદથી બાળક સાથે પરામર્શ કરતાં તેનું નામ સરનામુ વગેરે અંગે મહત્વની વિગતો પ્રાપ્ત થઈ હતી. આ વિગતોના આધારે સમિતિના સંસ્થાકીય અધિકારીએ તમિલનાડુના મદુરાઈ ખાતેની બાળ સુરક્ષા કચેરીનો સંપર્ક સાધ્યો હતો અને તે સંકલનના આધારે બાળકને પ્રોટેક્શન ઓફિસરે સાધનિક પુરાવા સમિતિ સમક્ષ રજૂ કર્યા હતા. આ પુરાવાના આધારે બાળકનું તમિલનાડુની બાળ કલ્યાણ સમિતિના સહયોગથી તેના પરિવારજનો સાથે પુનઃ મિલન કરાવાયુ હતુ. સમગ્ર પ્રક્રિયામાં સમિતિના ચેરમેન નવીનચંદ્ર વ્યાસ અને સરકારી બાળ સંરક્ષણ ગૃહના કાઉન્સિલર તેમજ જિલ્લા બાળ સુરક્ષા કચેરીના સંસ્થાકીય અધિકારી સહિત ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનના પ્રયાસોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતેના મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલમાં પાંચેક માસ પહેલા લીમડા વન પાસે બે વર્ષની ઉંમરના આંબાની ૧૦૦ કલમોનુ રોપણનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આંબાની આ કલમો સારી રીતે વિકસિત થઈ રહી છે અને વસંતઋતુમાં કલમો પર મ્હોર આવતાં સમગ્ર સંકુલમાં પ્રસન્નતા પ્રસરવા પામી છે.



## રાયપુર રાધા સ્વામી આશ્રમ પાસે બાઈક સ્લીપ થતા મેદરાના યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧

દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર ગામની સીમમાં સ્થિત રાધા સ્વામી આશ્રમ પાસે બાઈક સ્લીપ ખાઈ જતા મેદરાના યુવકનું મૃત્યું નિપજયુ હતું. મેંદરા ગામે ઈન્દીરાનગર ખાતે રહેતો ભરત જગાજી ઠાકોર (ઉં.૨૮) રવિવારના રોજ બાઈક લઈને નરોડા થી ઘર તરફ આવી રહ્યો હતો. તે સમયે રાયપુર નજીક કોઈ કારણોસર બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ ગયું હતું. બાઈક સ્લીપ થતા યુવકને શરીરે ઈજા પહોંચી હતી. જેથી તાત્કાલીક ૧૦૮ મારફતે અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. જયા સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મળતી વિગત મુજબ મુળ દશકોઈના એણાસણ ગામના જગાજી ઠાકોરના ત્રણ સંતાનો છે. જેમાં ભરત સૌથી મોટો દિકરો છે. જયારે ભરતની માતાનુ નિધન પાંચ વર્ષ થયું હતું. બનાવ અંગે જાણ થતા મૃતકના મોટાબાપા ભુપતજી લાલાજી ઠાકોર આવી પહોંચ્યા હતા.જયાં બાઈક પડેલું હતું. ભત્રીજાને અમદાવાદ સારવાર માટે લઈ ગયા હોવાથી તેઓ અમદાવાદ સિવિલ ખાતે ગયા હતા. જયા સ્ટ્રેચર પર ભત્રીજા ભરતનો મૃતદેહ પડ્યો હતો.જેમાં તેને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા મૃત્યું થયું હોવાનું જાણવા મળ્યું હતું. જયારે યુવકના મૃત્યુના સમાચાર મેદરા ગામમાં પહોંચતા શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાહિત્યકાર શિરીષ પંચાલના જન્મદિન પ્રસંગે ‘શબ્દ જ્યોતિ’ સાહિત્ય સફર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧

રંગદ્વાર પ્રકાશનના સહયોગથી ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ ૭ માર્ચ ૨૦૨૧, રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે વિવેચક, અનુવાદક, નવલકથાકાર શિરીષ પંચાલના ૭૯ મા જન્મદિન પ્રસંગે ‘શબ્દજયોતિ‘ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ‘શબ્દજયોતિ‘ માં શિરીષ પંચાલ પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. આ પ્રસંગે સાહિત્યકારો-સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક રહેશે.

## આ જ સત્રમાં લવ જેહાદનો કાયદો પસાર કરાશે : પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગર,તા.૧

ગુજરાત વિધાનસભાનું સત્ર આજથી શરૂ થયુ છે. આ સત્રમાં લવ જેહાદનો કાયદો લાગુ કરવામાં આવશે. ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદાને લાગુ કરવાને લઈને મોટુ નિવેદન આપ્યુ હતું.

ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદા અંગે જણાવ્યુ કે, “ગત ટર્મની વિધાનસભામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા અનેક કાયદા લાવવામાં આવ્યા છે, તેને કારણે ગુજરાતમાં શાંતિ, સલામતી, સુરક્ષા પ્રસ્તાપિત કરી રહ્યા છીએ. આવુ જ લવ જેહાદના શેતાનને નાથવા માટે લવ જેહાદના નામે હિન્દૂ નામ ધારણ કરીને કેટલાક લોકો મહિલા, દીકરીઓને પ્રેમજાળમાં ફસાવી ધર્મ પરિવર્તન કરી આંતરજ્ઞાતિય લગ્ન, આંતરધર્મના લગ્નો કરાવે છે, તેને અટકાવવા માટે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક લાવીને ગુજરાતમાં લવ જેહાદની પ્રક્રિયા ગુજરાત સરકાર ચલાવી લેવા માંગતી નથી. આજે થતુ ધર્માન્તર આવતીકાલે અનેક પ્રશ્નો ઉભા કરી, અનેક મહિલાઓના થતા શોષણ સામે કડકમાં કડક કાયદો લાવવાનો નિર્ધાર ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરવામાં આવ્યો છે.”

લવ જેહાદના કાયદા સિવાય ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં ગુજરાત આયુર્વેદિક યૂનિવર્સિટી, ગુજરાત રિસ્પોન્સિબિલીટી ૨૦૨૦, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ ટૂનિવર્સિટીને પંડિત દિનદયાલ ઉર્જા યૂનિવર્સિટી નામ આપવા માટે અને ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષય વિધેયક રજૂ કરવામાં આવશે.”

મહત્વપૂર્ણ છે કે, ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થયુ છે. વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે સ્વર્ગિય કેશુભાઇ પટેલ અને માધવસિંહ સોલંકીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ૩ માર્ચે નીતિન પટેલ બજેટ રજૂ કરશે. નીતિન પટેલ સતત સાતમી વખત વિધાનસભાનું બજેટ રજૂ કરશે. ૨૦૨૧-૨૨ માટે પેપર લેસ હશે અને બજેટ ૨ લાખ કરોડ સુધી પહોચે તેવી શક્યતા છે.

## મુખ્યમંત્રી રૂપાણીના પત્નિ અંજલીબેને કોરોના રસીનો પ્રથમ ડોઝ લીધો

ગાંધીનગર,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારત બાયોટેકની કોરોનો વેક્સિન લીધી હતી. તો રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં ચૂંટણી બાદ વધારો થઈ રહ્યો છે. ત્યારે સિનિયર સિટીઝનો માટે કોરોનાની વેક્સિન લેવાનો બીજો તબક્કો આજથી પ્રારંભ થશે. કોરોનાની રસી લેવા માટે ગુજરાતના



મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલિબહેન રૂપાણીએ ભાટ ગામની પાસે આવેલ એપોલો હોસ્પિટલમાં કોરોનાની રસી લીધી હતી. બીજી તરફ કોરોનાને માત આપીને આવેલાં સીએમ રૂપાણીએ સિનિયર સિટીઝનોને અપીલ કરી છે કે, લોકો આ રસી લેવાનું ન ચૂકશો તેમજ ખોટી ભ્રામક વાતોમાં આવીને રસી ન લેવાનું કાર્ય ન કરતાં. મહત્વનું છે કે આજથી અમદાવાદ શહેરમાં ૧૪ જેટલી ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની રસી ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝનોને આપશે.

## ગુજરાત યુનિ.માં ઓનલાઈન ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ

અમદાવાદ,તા.૧

ગુજરાત યુનિવર્સિટીની બી.કે. સ્કૂલ ઓફ પ્રોફેશનલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ ઈન્ટેલિજન્સ દ્વારા બે દિવસીય ઓનલાઈન ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ૨૭, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ યોજાઈ. Bodhi International journal અને Department of Business Intelligenceના સંયુક્ત ઉપક્રમે મેનેજમેન્ટ, કોમર્સ એન્ડ ઈકોનોમિક્સના ઈમર્જિંગ ઈસ્યુ પર આ પરિસંવાદ યોજાયો હતો. દક્ષિણ આફ્રિકાની નોર્થ વેસ્ટ યુનિવર્સિટીના ડો. અંકિત કથરોટીયાએ ઉદ્યોગ સાહસિકતાને અસર કરતા પરિબળો અને તેમાં પડતી મુશ્કેલીઓ વિષે ચર્ચા કરી હતી. ભારત અને દક્ષિણ આફ્રિકા બંને દેશો વચ્ચેની સામ્યતા અને તફાવત પર તેમણે છણાવટ કરી હતી.

ભારતમાં ઉદ્યોગ સાહસિકતાને વધારે પ્રોત્સાહન આપવામાં આવે છે તેથી સ્ટાર્ટઅપ પ્રવૃત્તિમાં ભારત દુનિયાની હરોળમાં નંબર વન છે. લન્ડનથી ડો. પરીન સોમાનીએ પોતાના inaugural સેશનના વક્તવ્યમાં એક અલગ દ્રષ્ટિકોણ દર્શાવ્યો હતો, તેમણે આજના યુવાનો માટે એક વનલાઈનર મેસેજ આપ્યો હતો જે આ પ્રમાણે હતો. Be the change you wish to see in the world and believe in yourself. સમાપન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે જર્મનીથી ડેટા એનાલીસ્ટ ડો. સમીર રોહડિયા ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપ-કોંગ્રેસ બંન્ને સમર્થનને લાયક નથી : છોટુ વસાવા

કચ્છ,તા.૧

ગુજરાત સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને લોકોમાં તાલાવેલી જોવા મળી રહી છે. આવતી કાલે જાહેર થનારા પરિણામો પર સૌની નજર છે એવામા બીટીપીના ધારાસભ્યએ ભાજપ પર આક્ષેપ કર્યા હતા.

બીટીપીના ધારાસભ્ય છોટુ વસાવાએ ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા છે. છોટુ વસાવાએ કહ્યું કે ભાજપે મત મેળવવા માટે દારૂ વહેંચ્યો. અને ભાજપે બોગસ મતદાન પણ કરાવ્યું છે. જીત માટે પોલીસ તંત્રને કામે લગાડ્યું હતું. તંત્રનો ઉપયોગ કરી જીતવાવાળી પહેલી પાર્ટી ભાજપ છે. ભાજપને જીતાડવા આખુ કોંગ્રેસ લાઈનમાં છે. ભાજપ-કોંગ્રેસ બંન્ને પાર્ટી સમર્થનને લાયક નહીં. આ સાથે જ છોટુ વસાવાએ ભાજપના સાંસદ મનસુખ વસાવા પર પ્રહાર કરતા કહ્યું કે મનસુખ વસાવા બોગસ મતદાનના લીધે જીત મેળવે છે.

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ટુંકી મુદતની નિવિદા**

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરમાં સરકારી કામકાજના ફોટો કોપીંગ, સ્પાઈરલ બાઈન્ડીંગના કામ માટે કચેરીમાં ઝેરોક્ષ મશીન મુકવા સાથે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૫-૩-૨૦૨૧ના રોજ, ૧૬.૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની વહીવટી શાખામાંથી ૧૦૦/- ભરી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડોક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમૂનામાં સીલબંધ કવરમાં ટેન્ડર તા. ૧૦-૩-૨૦૨૧ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

સહી/-
અધિક કમિશનર
માહિતી/૧૯૯૪/૨૦-૨૧ ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
વર્ષ - ૨૦૨૦-૨૦૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૭૬/૨૦૨૦-૨૧ | Parking area Development and C. C. Road for Sector-6, 11 16 in Gandhinagar for GMC | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૫,૪૨,૯૮૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૨/૩/૨૦૨૧ થી તા. ૧૬/૩/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૭/૩/૨૦૨૧ થી ૨૩/૩/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટ પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૪/૩/૨૦૨૧ના રોજ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર
માહિતી/૧૯૯૧/૨૦-૨૧